


## 'દેશભક્તિની પરિભાષા' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **'દેશભક્તિની પરિભાષા'**. તમારી મૌલિક કૃતિ અમને 8-08-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો.

Email:sannari@gujaratmitra.in - **સંપાદક**

## યાદોનાં વલોણાં



મેં તો યાદ કરી લીધી યાદોને,
મળ્યો યાદોમાં હું યારોને,
યારો મારા છે સતરંગી,
વાતો કરતાં સૌ અતરંગી,
અતરંગી વાતો જીવનની,
આમ જુઓ તો સૌના મનની,
મનડું સૌને નાચ નચાવે,
ના નાચો તો ધાક જમાવે,
ધાકથીનાં હરકોઈ નાચે ગાશે,
દોસ્તી નામથી તાબે થાશે,
પ્રેમગ્રંથનાં પાનાં ફંગોળ્યાં,
યારોને યાદોમાં વલોવ્યા,
વલોણે મેં સગપણ દીઠાં,
ના કોઈ લાગે મિત્રોથી મીઠા,
લત લાગી આ મિત્રો કેરી,
મિત્રતાની વાતો અનેરી.
- હિરેન પટેલ (સુરત)

## એ દોસ્ત

મારા મનના મૌનને એ પારખે,
મને વગર વાચાએ એ સાંભળે,
ખભો એનો તરત ધરી દે ને
ધરપત હૈયાને ધરી દે.
ક્યારેક શૈશવને સાંભરે,
ક્યારેક દોડતા સમયને સાચવે.
બધા સંબંધોમાં દોસ્તી જ સાચી
દિલમાં પાંગરીને વૃક્ષ બનેલી દોસ્તી.
સદાય છાંયડો દેજે ને મને સાચવતો રહેજે.
- રીટા સંજય વશી (સુરત)

## મિત્રતા - નિ:સ્વાર્થ સંબંધ

મિત્રતા એક નિ:સ્વાર્થ સંબંધ,
કૃષ્ણ-સુદામા જેવો ગાઢ પ્રેમ.
કર્ણ-દુર્યોધનની દોસ્તીની મિસાલ,
કર્ણે જીવ આપ્યો ન કર્યો વિચાર.
દ્રૌપદીની સાંભળી આર્ત પુકાર ,
મિત્ર બની કૃષ્ણ થયા હાજર.
સુખ-દુ:ખમાં સાચો સંગી મિત્ર,
સંબંધોમાં ન હોય સ્વાર્થનો સાથ.
જરૂર પડે પીઠ થબથબાવે,
ખોટે રસ્તે જતાં પ્રેમથી અટકાવે.
વિશ્વાસનો દીપ સદા પ્રગટાવે,
નિરાશામાં આશાનો પ્રકાશ ફેલાવે.
ધન, દોલત કે માનથી ન તોલાય,
મિત્રતાનું મૂલ્ય હૃદયથી જ સમજાય.
જીવનપથ પર સાથ જે નિભાવે,
એ જ સાચો મિત્ર કહેવાય.
- સીમા પરીખ (સુરત)



## કર દોસ્તી

હાથ મિલાવી કર દોસ્તી,
ઘાવ છુપાવી કર દોસ્તી.
સુખ-દુ:ખનું જીવન સૌનું
દર્દ ભુલાવી કર દોસ્તી.
કાંટાઓના ગુલશનમાં
ફૂલો વાવી કર દોસ્તી.
જીવન છે પળ બે પળનું
દાગ મિટાવી કર દોસ્તી.
પથ્થર દિલના દોસ્તોનું
દિલ પીગળાવી કર દોસ્તી.
મતભેદો ભૂલી જઈને
વાત ભુલાવી કર દોસ્તી.
અવરોધો આવે મોહિન
સાથ નિભાવી કર દોસ્તી.
- મોહિન મલિક (સુરત)


## પ્રેમનો ખજાનો

ચાલ દોસ્ત, દોસ્તી કરીએ.
અંધકાર મીટાવી અજવાળું કરીએ.
હરીએ, ફરીએ ને મોજ કરીએ.
આનંદ, ઉત્સાહને ઉજાગર કરીએ.
દુ:ખીજનોના દુ:ખ દૂર કરીએ.
માનવતાની જ્યોત પ્રજ્વલિત કરીએ.
દોસ્ત, દોસ્તનું રુંડાળું કરીએ.
માનવ મનીષા સાંકળ કરીએ.
હસતા રહીએ, હસાવતા રહીએ.
પ્રેમનો ખજાનો લૂંટાવતા રહીએ.
- ગોપાળ આર. પરમાર (સુરત)



## દોસ્ત વિના હવે ફાવશે નહીં...

તમે દોસ્તને યાદ કરો છો, એમ પૂછવાનું ફાવશે નહીં,
વાડીએ ઘડીએ દોસ્તીની જ વાત પૂછવાનું ફાવશે નહીં.
તમને તો અનુકૂળતાએ યાદ કરવાની આદત પડી હશે,
પણ જીગરી દોસ્તને ભૂલથી પણ ભૂલવાનું ફાવશે નહીં.
સુખમાં સાથે દુ:ખમાં આગળ, એવી અમારી દોસ્તી હો,
સપનામાંય હોકારો દેનાર, દોસ્તને ભૂલવાનું ફાવશે નહીં.
સમયની સાથે ભાગ્યે જ સાચવી શકે, કોઈ ખરા દોસ્તને,
વર્ષો પછી પણ તેના પત્રને, ગડી વાળી મૂકવાનું ફાવશે નહીં.
જાણ્યું નથી રહ્યો મારા હૈયા સમો, મારો એ જીગરી દોસ્ત,
હૈયાફાટ રુદન વચ્ચે પણ, ખુદનાં આંસુ લૂછવાનું ફાવશે નહીં.
- યોગેન્દ્ર પટેલ (સુરત)




## દોસ્તી

તો મોજ, મજા, મસ્તી
એક અલગ જ હસ્તી
ખુશી ડબલ
ગમ સિંગલ
ધબ્બો મારી શકાય તેવું અપનાપન
આવી જાય તેના થકી પહચાન
સુદામાકૃષ્ણ જેવી દોસ્તી પાક્કી
એવી મળે તો લક્કી
ત્યાગ, સમપર્ણ, તેમાં સામેલ
વરસો પછી પણ ના ભૂલેલ
બસ એવી અજોડ અમર દોસ્તી
- મંગેશ ઉપાધ્યાય

## દોસ્તી

કેટલાંય સુખદુ:ખમાં તું પડખે રહ્યો છો મારી,
ભવોભવની પ્રીત છે આપણી આ પુરાણી,
કાયમ તું જાણી લેતો સઘળી વેદના અંતરની,
દૂર કરતો જાણે વિદ્યા જાણતો જાદુમંતરની,
હરહંમેશ તું ઊભો રહ્યો બાજુમાં આવીને,
જન્મોજન્મ મને તું જ મળે પ્રાર્થના ઈશને કરું,
હર જનમ મળે તારી દોસ્તી ઋણ તારું હું ભરું.
અલ્પા નિર્મળ (અંજાર)

## હાઈકુ

* અનોખી દોસ્તી
જળ ને શેવાળની,
ભેગી સુકાય!
* દોસ્તીના વૃક્ષ
પર, પરોપકારી
પંખી ટહુકે!



- કિશોર આર. ટંડેલ, (નવસારી)

## દોસ્ત

દોસ્ત, જે ભીતર હતો તે ક્યાં ગયો?
આંગણે અવસર હતો તે ક્યાં ગયો?
ખૂબ મસ્તીખોર મારો દોસ્ત એક
એ જ સિકંદર હતો તે ક્યાં ગયો?
દોસ્ત, બીજાના દુ:ખે બનતો દુ:ખી,
દોસ્ત, પયગંબર હતો તે ક્યાં ગયો?
સાદગીનો એ હતો ચાહક રમેશ
એ જ તો શંકર હતો તે ક્યાં ગયો?
છોડ લખવાનું ગઝલ તું હે રમેશ
અર્થ જે સુંદર હતો તે ક્યાં ગયો?
- રમેશ પટેલ (સુરત)



## દોસ્તીની પરિભાષા

વર્ષો બાદ એક મિત્રનો ફોન આવ્યો,
કહે ઓળખાણ પડી કે?
બસ ડૂમો ભરાઈ ગયો ને એટલું જ બોલી શક્યો...
દોસ્ત, તારો અવાજ તો મારા દિલોદિમાગમાં છવાયેલો છે,
અને હું શૈશવનાં સંસ્મરણોમાં સરી પડ્યો.
દરરોજ સાથે રમતાં, ભમતાં અને ઝઘડતાં,
અને થોડીક ક્ષણોમાં બોલતાં પણ થઈ જતાં,
શાળામાં આપણે બંનેને 'જુગલજોડી' કહેતાં,
આપણને એકબીજા પ્રત્યે કોઈ ફરિયાદ નહોતી,
બસ નિરંતર સ્નેહ... સ્નેહ... ને સ્નેહ,
આ જ છે દોસ્તીની પરિભાષા...!
- દિલીપસિંહ માનસિંગ બોરાધરા (સુરત)